રવિ સિઝનમાં જ યુરિયાની તંગી

પ્રાંતિજ તેમજ કાંકરેજમાં માનવ સર્જીત તંગીની આશંકા

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર રાજ્યમાં અત્યારે શિયાળો જોર પકડી રહ્યો છે. રાજ્યમાં રવિ સિઝનની શરૂઆત પણ થઈ ગઈ છે. ઘઉં, રાઈડો જેવા શિયાળુ પાકો અત્યારે લગભગ બીજ વણવા આવ્યા છે. આવા સંજોગોમાં છોડના વિકાસ અને વદ્ધિ માટે નાઈટ્રોજન યુક્ત યુરિયા ખાતરની જરૂર પડતી હોય છે. પરંતુ ખરા સિઝનના તાકળે જ યુરિયાની ખેંચ સમગ્ર રાજ્યમાં છે. ખાસ કરીને પ્રાંતિજ તેમજ કાંકરેજમાં પણ યુરિયાની અછત સર્જાવા પામી છે.

પ્રાંતિજ તથા આસપાસના વિસ્તારમાં સારા વરસાદના કારણે આ વર્ષે શાકભાજી અને શિયાળુ ખેતી પણ સારી છે. આવામાં રવિ પાકો અને શાકભાજીને બચાવવા માટે જો સરકાર દ્વારા યથાર્થ માત્રામાં નાઈટ્રોજન યુક્ત ખાતર યુરિયા પૂરો પાડવામાં આવે તો જ ખેડૂતોની ખેતી બચી શકે તેવી છે. અત્યારે સારા શિયાળાના કારણે ઘઉંનું વાવેતર પણ સારૂ છે અને પાક પણ આ માનવસર્જીત તંગી દૂર કરી જો સરકાર અથવા સહકારી સંઘો ખેડૂતોને પર્યાપ્ત માત્રામાં યુરિયા આપે તો જગતનો તાત પોતાની ખેતી બચાવી શકશે. આવા ખરા સમયે કહેવાતા સહકારી આગેવાનો ખેડૂતોની સાથે ઉભા રહી કેન્દ્ર સરકાર પાસે પોતાના પ્રશ્નની રજૂઆત કરી પર્યાપ્ત જથ્થામાં યુરિયાનો જથ્થો પ્રાપ્ત કરાવે તો જ ખેડૂતોને રાહત થાય.

વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

વહાણવટી હાઈસ્કૂલ સે. ૭ ખાતે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાઈ ગયો. વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબ એન. પટેલ હાજર રહી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને વ્યસનના દૂષણથી દૂર રહેવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સે. ૫/એમાં શિવકથાનું આયોજન

પવિત્ર ધનુર્માસમાં સુંદરધામ પરિવાર અને શિવકથા સમિતિ દ્વારા શ્રી શિવશક્તિ પંચમુખી હનુમાનજી મંદિર સે. ૫-એ ખાતે તા. ૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરીથી દરરોજ બપોરે ૨.૦૦ કલાકે શિવકથા યોજવામાં આવશે. શિવકથા યુવાન કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજવામાં આવશે જેમાં શહેરના ભાવિકોને હાજર રહેવા જણાવ્યું છે.

સેંટ ઝેવિયર્સ સ્કુલ સે-૮ ખાતે નગરની જાણીતી સંસ્થા 'નૃત્યકલા' દ્વારા ભારતનાટયમની પરીક્ષા તા. ૨૧ અને ૨૨ ડિસેમ્બર દરમિયાન સવારે ૧૦ થી ૬ સુધી લેવાશે. અખિલ ભારતીય ગાંધર્વ મહા વિદ્યાલય સેન્ટર દ્વારા પ્રારંભિકથી વિશારદ સુધીની પરીક્ષામાં ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપી રહી છે. આ તમામ વિદ્યાર્થીનીઓ સંસ્થાના સંચાલિકા શ્રીમતી અમીબેન વાંકાણીનાં માર્ગદર્શનમાં તાલીમ મેળવી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

સાધુના વેશમાં આવેલા ઢોંગી બાવાને વાવોલના ગ્રામજનોએ ઢીબી નાંખ્યો

બાબાએ જંતર-મંતર કરીને એક દુકાનદારને બેભાન કરી નાંખ્યો હોવાની શંકાથી મેથીપાક ચખાડી પોલીસને સોંપ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સાધુના વેશમાં એક બાવો ઘુસી ગયો હતો. ઈસ્ત્રીની દુકાનમાં ઘુસીને રૂપિયા માંગ્યા બાદ દુકાનદાર અચાનક બેભાન થઈ જતાં દુકાનદારની પત્નિએ બુમાબુમ કરી મુકી હતી. ગ્રામજનો એકઠા થઈ જતાં ઢોંગી બાવાને બરોબરનો મેથીપાક ચખાડીને પોલીસને હવાલે કરી દીધો હતો જો કે બાવાએ કાંઈ કર્યુ હતું કે નહીં તે તપાસ ચાલી રહી છે. પરંતુ બાવો દહેગામથી દારૂ ઢીંચીને આવ્યો હતો તેમ પોપટની જેમ પોલીસની સામે બોલી ગયો હતો.

વાવોલ ગામમાં આજે બપોરના અરસામાં ભાગોળથી ગ્રીનસીટી સોસાયટી જવાના માર્ગ પરથી ભગવા કપડાં અને ગળામાં માળાઓથી સજ્જ સાધુના પહેરવેશમાં એક બાવો નીકળ્યો હતો. ત્યાં એક ધોબીની દુકાને રૂપિયા માંગવા ઉભો રહ્યો અને કાંઈક વાત કરી તેટલામાં દુકાનદાર બેભાન થઈ ગયો હતો. તેની પત્નિએ બુમાબુમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાવાએ કાંઈક જંતર-મંતર કરીને તેને બેભાન કરી નાંખ્યો હોવાની શંકા રાખીને ગ્રામજનોએ બાવાને ઢીબી નાંખ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી વેપારીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો જ્યાને પોલીસ કંટ્રોલને ફોન કરીને બાવાને પોલીસ હવાલે કરતાં સે. ૭ પોલીસ તેને પકડી ગઈ હતી. પોલીસે પુછપરછ શરૂ કરી છે કે તેણે કાંઈ કર્યું હતું કે નહીં. પરંતુ બાવો પીધેલો હોવાનું જણાતા તે અંગે કડક પુછપરછ કરતાં સે. ૭ પોલીસ સમક્ષ તે દહેગામથી દારૂ પીને આવ્યો હોવાનું કબુલી ગયો હતો.

સે. ૧૧ કોમર્શિયલ કોમ્પલેક્ષોની બહાર નો પાર્કિંગમાં પોલીસનો સપાટો

નો પાર્કિંગમાં પડેલા સંખ્યાબંધ બાઈકો પોલીસે ડીટેઈન કર્યા

ગાંધીનગર, તા. ૨૧

નો પાર્કિંગ ઝોનમાં વાહનો આડેધડ પાર્ક કરી દેવાતા ટ્રાફીકની ભયંકર સ્થિતિ સર્જાય છે જેને પગલે આજે સે. ૧૧ કોમર્શિયલ કોમ્પલેક્ષો બહાર આડેધડ પાર્ક કરેલા વાહનો ડીટેઈન કરીને સે. ૭ પોલીસની ટીમે ટ્રાફીક પોલીસ તથા એલસીબી પોલીસને સાથે રાખીને સપાટો બોલાવ્યો હતો.

સેક્ટર-૧૧માં સ્થિત મેઘમલ્હાર કોમ્પલેક્ષ, શાલીન કોમ્પલેક્ષ, સુમન ટાવર, સુમનસીટી સહિતના તમામ કોમર્શીયલ કોમ્પલેક્ષની બહાર આડેધડ પાર્ક કરાતા વાહનોથી ભયંકર ટ્રાફીકની સમસ્યા સર્જાતી હોવાની અનેક ફરીયાદોને પગલે આજે સેક્ટર-૭ પોલીસ, ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ અને એલસીબી પોલીસની ટીમે મળીને સે. ૧૧માં આડેધડ પાર્ક થયેલા વાહનો પર તવાઈ મચાવી હતી અને નો પાર્કિંગમાં પાર્ક થયેલા ૨૨ બાઈકો ડીટેઈન કરી લઈ તે તમામની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ગાંધીનગરની સેવા સંસ્થાઓ દ્વારા કચ્છના અગરિયા પરિવારોને ધાબળા, સ્વેટર અને વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

શિયાળાની કડકડતી ઠંડીની ઋતુમાં જરુરિયાતમંદ લોકોને સેવા સંસ્થાઓ દ્વારા વિવિધ ચીજ વસ્તુઓનું વિતરણ કરી હૂંફ પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

તાજેતરમાં ગાંધીનગરની ત્રણ સેવા સંસ્થાઓ દ્વારા ખૂબ અંતરિયાળ એવા કચ્છ જિલ્લાના અગરિયા પરીવારોને જરુરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાપર તાલુકાના વરણુંરણ નજીક મીઠાના ઘણા અગરોમાં શ્રમિકો કાળી મજૂરી કરી મીઠું પકવી જીવનનિર્વાહ કરે છે. આ અગરિયા શ્રમિક પરિવારોને ગાંધીનગરની સેવા સંસ્થાઓ સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ઉંઁકાર ટ્રસ્ટ અને આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ધાબળા, સ્વેટર અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાધનપુર-સાંતલપુર આસપાસ રોડ સાઈડે કાર્યરત શ્રમિકો, વાદી સમાજના કુટુંબોને પણ ધાબળા, સ્વેટર, વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર તરફથી આ સેવા કાર્ય માટે ૧૬૦ ધાબળા ઉપલબ્ધ કરાવાયા હતા. આ વિતરણ કાર્યમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યશ્રી દશરથલાલ પરમાર, આત્મન્ ફાઉન્ડેશનના પ્રજ્ઞા પટેલ અને ઉંઁકાર ટ્રસ્ટના શ્રી એચ.બી. વરિયા, દિવ્યાબેન વરિયા, સ્થાનિક સેવાભાવી સુલેમાનભાઈ, ઘનશ્યામભાઈ સહભાગી બન્યા હતા.

વસંતોત્સવ-૧૪માં સ્ટોલ મેળવવા

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં દર વર્ષે વસંતોત્સવ સંસ્કૃતિકુંજ સે. ૯ ખાતે રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને વેસ્ટઝોન કલ્ચરલ સેન્ટર ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે ઉજવવામાં આવે છે. વસંતોત્સવનું આયોજન આ વર્ષે તા. ૨૩ જાન્યુઆરીથી યોજવામાં આવશે. જેમાં કુડ કોર્ટ અને હેન્ડીક્રાફ્ટના સ્ટોલ માટે ડી.સી. સર્ટીફિકેટ સાથે રસ ધરાવતી પાર્ટીઓએ સાદા કાગળ પર અરજીઓ તા. ૧૦ જાન્યુઆરી સાંજે ૧૬.૦૦ કલાક સુધી કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બ્લોક નં. ૧૧/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.

ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા શ્રમિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા પ્રશાશન દ્વારા ગાંધીનગર જિલ્લામાં ઇંટોના ભઠ્ઠામાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો અને તેમના બાળકોની આરોગ્ય તપાસ કાર્યક્રમ કુમારશાળા અડાલજ ખાતે યોજવામાં આવ્યો હતો.

કલેક્ટરના આદેશ અનુસાર ગત તા. ૨૦ ડિસેમ્બરના રોજ અડાલજ કુમાર શાળા ખાતે ઇંટોના ભઠ્ઠામાં કામ કરતા શ્રમિકો અને બાળકોનો આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બાળરોગ, સ્ત્રીરોગ, નેત્ર, ચામડી, કમરનો દુખાવો, દાંત, જેવા રોગોની ચકાસણી સ્થળ પર કરવામાં આવી હતી.

આરોગ્ય કેમ્પમાં કુલ ૮૯૫ શ્રમિકોની ચકાસણી કરવામાં આવી હતી. કેમ્પમાં જિલ્લા પંચાયત પ્રમુખ, બાળ સુરક્ષા અધિકારી, લેબર ઓફિસર સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા.

આઈ આઈ ટી ખડગપુરના ઉપક્રમે ચેન્જ યોર સેલ્ફ ગ્રુપ ના શહેર -તિનિધિ મીત જોષી દ્વારા વિવિધ શાળાઓ જેવી કે (૧) શેઠ સી.એન.વિધ્યાલય, આંબાવાડી, અમદાવાદ, (૨) એમ.બી.પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, સેક્ટર ૨૩, ગાંધીનગર, (૩) સાકાર ઈંગ્લિશ સ્કૂલ, ચાંદખેડા, અમદાવાદ ખાતે કારકિર્દી માર્ગદર્શન અંગેની નિશુલ્ક શિબિર યોજવામાં આવી હતી. જેમાં આશરે ૨૦૦૦ થી વધુ વિધ્યાર્થીઓએ તથા બી.એડ ના તાલીમાર્થીઓએ એંજીનીયરીગ , મેડિકલ , વકીલાત , વિવિધ સરકારી સેવાઓ , આર્ટસ - કોર્મસના વિષયો પર સંપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું . તદુપરાંત સ્વવ્યવસાય , ફોટોગ્રાફી , ફેશન ટેકનોલોજી , એકટીગ અને રમતગમતના વિષયોને પણ -ધ્યાન્ય અપાયું. **IIT** ગાંધીનગરના સ્ટુડન્ટ અફેર કમીટી ના એડવાઈઝર ને. સી.એસ.શર્મા સાહેબે આ તમામ વિષયોને આવરી લઈ વિધ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું તેમજ તેમની સાથે આદાન -દાન કર્યું. **IIT** ખડગપુરના -થમ વર્ષના વિધ્યાર્થી શ્રી મીત જોષી ના આ -યત્નને ખૂબ સારો -તિસાદ મળ્યો . આવી જ એક શિબિર રવિવારે તા. ૨૨/૧૨/૨૦૧૩ કડી કેમ્પસના બ્રહ્મમાણી હોલમાં સવારે ૯ થી ૧૧ દરમ્યાન યોજાશે.

લાયન્સ, લીયો અને લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક નેત્રનિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર, લીયો ક્લબ અને લાયોનેસ ક્લબ અને અંધત્વ નિવારણ સોસાયટી સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી દેવકરણના મુવાડા ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

શહેરની લાયન્સ ક્લબ, લીયોક્લબ અને લાયોનેસ ક્લબ અને અંધત્વ નિવારણ સોસાયટી દ્વારા દહેગામના દેવકરણના મુવાડા ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આજુ-બાજુમાં આવેલ ગામડાના ૩૩૩ થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પ દરમ્યાન ૨૪૩ દર્દીઓને સ્થળ પર ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૪૦ લોકોને મોતીયાની ક્ષતિ જણાતા સિવિલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમમાં પ્રમુખ ઋચિર ભટ્ટ, શીરીષ મોદી, લાયન મોહનભાઈ પરમાર, લાયન નટુભાઈ સોલંકી, લાયન મહેન્દ્રભાઈ પટેલ (દાસ), લીયોક્લબના પ્રમુખ રાજેશ ગૌવંશ, નિર્મલ અડાલજા, નિખિલ સોની, અમર ત્રિવેદી, મધુસુદન સહિતના કાર્યકરો ખડેપગે રહી સેવા આપી હતી.

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજરોજ ઈન્ચાર્જજિલ્લા કલેકટર શ્રી વિકટર મેકવાનના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે મળી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી ડી. એમ.ડી.મોડિયાએ નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલી અરજીઓ અંગે નિયત સમય મર્યાદાની અંદર સત્વરે કામગીરી કરી, તેનો નિકાલ કરવા તેમજ પડતર તુમારોનો ઝડપી નિકાલ કરવા ખાસ જણાવ્યું હતું. આ બેઠકમાં સરકારી બાકી લહેણાં-વસુલાત અંગે પણ ખાસ ઝુંબેશ યોજી વસુલાત કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. બેઠકમાં તાબાની કચેરીઓના લક્ષ્યાંક મુજબ નિરીક્ષણની કામગીરી કરવા, સરકારી કર્મચારીઓ - અધિકારીઓના પગાર નિયત કરવા, પેન્શન કેસો સમયસર તૈયાર કરી રજૂ કરવા, તકેદારી આયોગના કેસો અંગે જરૂરી કાર્યવાહી કરવા અંગે પણ ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત રહેલા કલોલ, માણસા અને દહેગામ તાલુકાના ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ થયેલ ૌની દિશામાં થયેલ કામગીરીની તેમને સંતોષકારક માહિતી સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી. તેમજ અગાઉના ૌમાં કયા તબક્કે કામગીરી છે, તેની માહિતી ઈન્ચાર્જ કલેકટરશ્રી દ્વારા આપવામાં આવી હતી.

આ બેઠકમાં કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, દહેગામના ધારાસભ્ય શ્રી કામિનીબા રાઠોડ, નાયબ વન સંરક્ષક શ્રી ભાવિન વ્યાસ, ગાંધીનગર -ંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, કલોલ -ંત અધિકારી શ્રી -દિપસિંહ રાઠોડ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૭
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૦૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

મૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

સિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ગાંધીનગર જિલ્લા મોટી સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.

સાહિત્યીક

- સ્વ. જોસેફ મેકવાન સંપાદિત 'સમાજમિત્ર' સામાયિકના 'દીકરી હેતની હેલી' વિશેષાંકના ગ્રંથાવતારનું લોકાર્પણ સવારે ૧૦.૩૦ કલાકે મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

મિથુન : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

મીન : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. ઉષાબેન મનસુખલાલ ભાટી (ઉ.વ. ૬૬) ૨૦૩ સીમંધર સોસાયટી, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. છનુભા પૂજુભા પરમાર(ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૩૮૭/૧, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. શારદાબેન મંગળદાસ પારેખ(ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૩૩૨, હરસિધ્ધનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. હરેન્દ્રભાઈ કાન્તીલાલ શાહ(ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૧૬૯, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. મંગળદાસ જીવણદાસ પટેલ(ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૪૭૯/૧, સેકટર-૬/એ, ગાંધીનગર.
- સ્વ. રઝીયાબેન મશલજી ભીલ(ઉ.વ. ૩૫) ઘર નં. ૮૮૫, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ઈન્દુમતી વસંતરાય હજરનીશ(ઉ.વ. ૯૫) પ્લોટ નં.-૪, ૩-ગીતાંજલી એપાર્ટમેન્ટ, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન જેસંઘજી બિહોલા(ઉ.વ. ૯૫) મુ.પો . મગોડી, તા.,જિ. ગાંધીનગર.